

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ


સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-32 ■ તા. 06-08-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# બ્રિટનમાં ફેલાયો કોરોનાનો નવો વેરિયન્ટ



બ્રિટનમાં ફરી એકવાર કોરોના વાયરસે પગપેસારો શરૂ કરી દીધો છે. ત્યાં એક નવી ઈજી.૫.૧, જેને એરિસનું ઉપમાન અપાયું છે. તેમણે સ્વાસ્થ્ય અધિકારીઓને ચિંતામાં મૂકી દીધા છે. ઈજી.૫.૧ વેરિયન્ટ ઓમિક્રોનમાંથી પેદા થયો છે. તેને ગત મહિને યૂનાઈટેડ કિંગડમમાં પહેલીવાર ડિટેક્ટ કરાયો હતો અને ત્યારથી દરરોજ તેના નવા કેસ સતત સામે આવી રહ્યા છે. ઈંગ્લેન્ડના સ્વાસ્થ્ય અધિકારીઓના હવાલાથી જણાવ્યું કે, આ નવો વેરિયન્ટ ઈજી.૫.૧ને પહેલીવાર જૂનમાં ડિટેક્ટ કરાયો હતો અને હવે આ દેશમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. રિપોર્ટ અનુસાર, યૂકે હેલ્થ િસ ક ચ ા ે િ ર ટ ી એજન્સી(દ્ભઉૐજીછ)એ જણાવ્યું છે કે, ઈજી.૫.૧ સાત નવા કોવિડ કેસમાં એકનું કેસ હોય છે. ઈન્ટરનેશનલ લેવલે વિશેષ કરીને એશિયામાં વધતા કેસના કારણે બ્રિટનમાં તેના કેસ વધ્યા બાદ ૩૧ જુલાઈએ તેણે એક નવા વેરિયન્ટ તરીકે ક્લાસિપાઈ કરાયો હતો.વેરિયન્ટથી આપણને કેટલો ખતરો થઈ શકે તેના સંકેત આપણને ૩ જુલાઈ ૨૦૨૩એ હોરાઈઝન સ્કેનિંગ દરમિયાન જ મળી ગયા હતા. ત્યારથી જ અમે તેની તમામ ગતિવિધિ પર દેખરેખ રાખવાનું શરૂ કરી દીધું હતું. યૂકે ડેટામાં જીનોમની વધતી સંખ્યા અને તમામ દેશોમાં તેની વધતી ઝડપના કારણે તેને બાદમાં ૩૧ જુલાઈ ૨૦૨૩એ મોનિટરિંગ સિગ્નલથી વધારીને વેરિયન્ટ ફ-૨૩ત્નેન્-૦૧ કરી દેવાયો હતો. તેનું નામકરણ કરવાથી અમે તેના લક્ષણો અને અસરોનું વિસ્તૃત અધ્યયન કરવામાં મદદ મળી છે મેરી રામસેએ કહ્યું કે, અમને આ અઠવાડિયાના રિપોર્ટમાં કોરોના કેસમાં વદારો જોવા મળ્યો છે. વૃદ્ધોની હોસ્પિટલમાં આવવાની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. જોકે, હાલ દર્દીઓના દાખલ થવાની સંખ્યા ઘટી છે અને અમને હાલૈંઝ્રેંમાં દર્દીઓને દાખલ કરવાની શક્યતા નથી લાગતી. અમે તમામ વસ્તુઓ પર ઊંડાણપૂર્વક નજર રાખીશું.તેમણે વધુમાં કહ્યું કે, નિયમિત અને સરખી રીતે હાથ ધોવાથી તમને કોરોના અને અન્ય વાયરસથી બચવામાં મદદ મળે છે. જો તમને શ્વાસ સંબંધિત બીમારીના લક્ષણ છે, તો અમે બની શકે એટલી બીજાથી દૂર રહેવાની સલાહ આપીએ છીએ.વેરિયન્ટ પર બે અઠવાડિયા પહેલા જ નજર રાખવાનું શરૂ કરી દીધું હતું. ઉૐંના ટેડ્રોસ એડનોમ ઘેબિયસે એ પણ જણાવ્યું હતું કે, લોકો રસીના કારણે ઘણા સુરક્ષિત છે, પરંતુ કોઈપણ દેશને કોરોના વિરૂદ્ધ પોતાની લડાઈ અને સતર્કતામાં કમી ન લાવવી જોઈએ.

# યુપીના હાથરસમાં ટ્રેક્ટર ટ્રોલી અને ડમ્પર વચ્ચે અકસ્માત, ૫ના મોત

લખનૌ,તા.૫

યુપીના હાથરસમાં ભયાનક માર્ગ દુર્ઘટના બની છે જેમાં ટ્રેક્ટર અને ડમ્પર વચ્ચે જોરદાર ટકરાઈ પડ્યા હતા. આ અકસ્માતમાં પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા અને ૨૧ લોકો ઘાયલ થયા હતા. બીજી તરફ, માહિતી મળતાની સાથે જ પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ઘાયલોને નજીકની સરકારી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા.

ઉત્તર પ્રદેશના હાથરસમાં એક ભયાનક માર્ગ અકસ્માત થયો છે. અહીં સહપાળમાં ટ્રેક્ટર અને ડમ્પર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા અને ૨૧ લોકો ઘાયલ થયા હતા. બીજી તરફ, માહિતી મળતાની સાથે જ પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ઘાયલોને નજીકની સરકારી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા.

મળતી માહિતી મુજબ, લગભગ ૨ ડઝન શ્રદ્ધાળુઓ એટાના જલેસરથી ટ્રેક્ટર ટ્રોલી પર સવાર થઈને મથુરામાં ગોવર્ધનની પરિક્રમા કરવા જઈ રહ્યા હતા. દરમિયાન હાથરસના સાદાબાદ રોડ પર ટ્રેક્ટર ટ્રોલી પહોંચતા જ સામેથી આવતા ડમ્પર સાથે અથડાઈ હતી. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે કેટલાક ઘાયલોને સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં લાવવામાં આવ્યા હતા, જ્યારે ત્રણ ગંભીર રીતે ઘાયલોને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. એક વ્યક્તિને અલીગઢ મોકલવામાં આવ્યો છે.

કહેવામાં આવી રહ્યું છે કે ટ્રેક્ટર ટ્રોલીમાં સવાર તમામ શ્રદ્ધાળુઓ એકબીજાના સગા હતા. ઘટના બાદ પરિવારજનો શોકમાં છે. અકસ્માત બાદ ડમ્પર ચાલક વાહન લઈને ફરાર થઈ ગયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ટ્રેક્ટર-ટ્રોલી રસ્તા પર પલટી ગઈ, જેની નીચે ઘણા લોકો દબાઈ ગયા. ગ્રામજનોની મદદથી તમામને બહાર કાઢવામાં આવ્યા હતા. ટ્રેક્ટર ટ્રોલી પર બે ડઝન જેટલા લોકો સવાર હતા.

પોલીસ અધિક્ષક દેવેશ કુમાર પાંડેએ ઘટનાસ્થળે પહોંચેલા પોલીસકર્મીઓને ઘાયલોની સારવાર માટે યોગ્ય વ્યવસ્થા કરવા નિર્દેશ આપ્યો હતો. ઘાયલોમાં સુલતાન સિંહ, અંકિત કુમાર, હેમલતા અને વિક્રમ સિંહનો સમાવેશ થાય છે. આ સાથે માધુરી, અભિષેક, કૃષ્ણપાલ, વિષ્ણુ, પવન, બ્રિજેશ, સાંતા, રામવતી દેવીને પણ આ અકસ્માતમાં ઈજાઓ પહોંચી છે. શુક્રવારે મોડી રાત્રે આ અકસ્માત થયો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું કે ડમ્પર ચાલકને પણ ટૂંક સમયમાં પકડી

# મણિપુરમાં ફરી હિંસા ભભૂકી ઉઠી : મૈતેઈ સમુદાયના ૩ લોકોની હત્યા કરાઈ

ઈમ્ફાલ,તા.૫

મણિપુરમાં લગભગ ત્રણ મહિનાથી ચાલતી હિંસા હજુ પણ અટકવાનું નામ લેતી નથી. આ રાજ્યમાં ૩૫ હજારથી વધુ સૈનિકો તૈનાત કરાયા હોવા છતાં ઘણા વિસ્તારોમાં સ્થિતિ બેકાબુ બની જાય છે અને નિયમિત અંતરે ગોળીબારના અવાજ સંભળાય છે. ત્યારે ફરી એકવાર મણિપુરના બિષ્ણુપુર જિલ્લામાં હિંસા ફાટી નીકળી છે. બિષ્ણુપુર જિલ્લામાં શુક્રવારે રાતે મૈતેઈ સમુદાયના ૩ લોકોની હત્યા કરી નાખવામાં આવી છે. જ્યારે ઉપદ્રવીઓએ અનેક ઘરોમાં આગચંપી કરી છે. જે બાદ પોલીસનો મોટો કાફલો ઘટના સ્થળે તૈનાત કરાયો છે.

બિષ્ણુપુર પોલીસના જણાવ્યા અનુસાર, મૈતેઈ સમુદાયના ૩ લોકોની હત્યા કરવામાં આવી છે. આ ઉપરાંત કુકી સમુદાયના લોકોના ઘરમાં આગ લગાડવામાં આવી છે. પોલીસ સૂત્રોનું કહેવું છે કે, કેટલાક લોકો બફર ઝોન પાર કરીને મૈતેઈ વિસ્તારમાં ઘુસ્યા હતા, આ તમામે મૈતેઈ વિસ્તારમાં ફાયરિંગ કર્યું હતું. ગુરુવારે પણ મણિપુરના બિષ્ણુપુર જિલ્લાના કેટલાક વિસ્તારોમાં સ્થિતિ તણાવપૂર્ણ બની હતી. બિષ્ણુપુર જિલ્લામાં ગુરુવારે ટોળાએ બે ચોકીઓમાં તોડફોડ કરી હતી, આ દરમિયાન ઓટોમેટિક બંદૂકો સહિત હથિયારો અને દારૂગોળો લૂંટી લેવામાં આવ્યો હતો.

મણિપુર પોલીસના જણઆવ્યા અનુસાર, પુરુષો અને મહિલાઓના ટોળાએ બિષ્ણુપુર જિલ્લામાં મણિપુર સશસ્ત્ર પોલીસની બીજી બટાલિયાની



હિંસામાં અત્યાર સુધીમાં ૧૬૦થી વધુ લોકોના જીવ ગયા અને સેંકડો લોકો ઘાયલ થયા હતા.

કેરેનફાબી અને થંગલવઈ પોલીસ ચોકીમાં તોડફોડ કરી હતી અને હથિયારો લૂંટી લીધા હતા. ટોળાએ હેનગાંગ અને સિંગજામેઈ પોલીસ સ્ટેશનમાંથી પણ હથિયારો અને દારૂગોળો કબજે કરવાનો પણ પ્રયાસ કર્યો હતો, પરંતુ સુરક્ષાદળોએ તેમના હુમલાને નિષ્ફળ બનાવ્યો હતો.

આ દરમિયાન સુરક્ષા દળો અને ઉપદ્રવિયોની વચ્ચે ફાયરિંગ પણ થયું હતું, જેમાં કેટલાક સુરક્ષકર્મીઓ ઘાયલ થયા હતા. સુરક્ષાદળોએ ઉપદ્રવિયોને જડબાતોડ જવાબ આપ્યો હતો. આ દરમિયાન સુરક્ષાદળોએ હવામાં ફાયરિંગ પણ કર્યું હતું અને ટિયર ગેસ પણ છોડ્યો હતો.

મણિપુરમાં ૩ મેના રોજ સૌથી પહેલા જાતિય હિંસાની શરૂઆત થઈ હતી. મૈતેઈ સમુદાયની અનુસૂચિત જનજાતિ (એસટી)માં સામેલ કરવાની માંગણીના વિરોધમાં પહાડી જિલ્લાઓમાં 'આદિવાસી એકજૂથતા માર્ચ' આયોજિત કરાઈ હતી. ત્યારે પહેલીવાર મણિપુરમાં જાતીય ઘર્ષણ થયું. હિંસામાં અત્યાર સુધીમાં ૧૬૦થી વધુ લોકોના જીવ ગયા અને સેંકડો લોકો ઘાયલ થયા હતા. આપને જણાવી દઈએ કે, મણિપુરમાં મૈતેઈ સમુદાયની સંખ્યા લગભગ ૫૩ ટકા છે અને તેઓ મોટાભાગે ઈમ્ફાલ ઘાટીમાં રહે છે. કુકી સમુદાયની વસ્તી ૪૦ ટકાથી વધુ છે અને તેઓ પહાડી જિલ્લામાં રહે છે.-

# ભાજપના પ્રદેશ મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલાનું રાજીનામું,રજની પટેલને જવાબદારી સોંપાઈ

અમદાવાદ,તા.૫

ગુજરાતના રાજકારણના મોટા સમાચાર સામે આવ્યા છે. ગુજરાત ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલાએ પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમના અચાનક રાજીનામા બાદ ગુજરાતના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. ભાજપ પ્રદેશ મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલાએ પ્રદેશ અધ્યક્ષ સી.આર પાટીલની સૂચનાથી રાજીનામું આપી દીધા ચારેકોર ચર્ચાઈ રહ્યું છે. પ્રદીપસિંહે ૭ દિવસ પહેલા રાજીનામું આપ્યાનું ભાજપના રાષ્ટ્રીય સંગઠન નેતાએ સ્વીકાર્યું છે.




પ્રદીપસિંહના રાજીનામા બાદ સવાલો ઉભા થઈ રહ્યા છે કે તેમણે કેમ રાજીનામું આપ્યું? શું તેમણે સ્વેચ્છાએ રાજીનામું આપ્યું છે કે પછી માંગી લેવામાં આવ્યું છે?

સાણંદના બકરાણા ગામના વતની પ્રદીપસિંહ વાઘેલાને ૧૦ ઓગસ્ટ ૨૦૧૬ના રોજ ભાજપ પ્રદેશ મહામંત્રી બનાવવામાં આવ્યા હતા. પ્રદીપસિંહ વાઘેલા સૌથી નાની વયના પ્રદેશ મહામંત્રી તરીકે નિયુક્ત થયા હતા. આ પછી નવેમ્બર ૨૦૨૦માં તેમને ગુજરાત ભાજપ તરફથી રાષ્ટ્રીય સ્તરે મહત્વની જવાબદારી આપવામાં આવી હતી. પ્રદીપસિંહ વાઘેલાને ૠૐસ્ઝની ચૂંટણી માટે સહપ્રભારીની જવાબદારી સોંપવામાં આવી હતી. ગુજરાત વિધાનસભાની ચૂંટણી વખતે પ્રદીપસિંહ વાઘેલાએ શાનદાર કામગીરી કરી હતી. પ્રદીપસિંહ વાઘેલા આ ચૂંટણીમાં લગભગ એટલા બધા લાઈમલાઈટમાં નહોતા આવ્યા. પણ આ ચૂંટણીમાં તેઓએ જમીની સ્તર ઉપર કામ કર્યું હોવાનું સામે આવ્યું હતું. પ્રદીપસિંહ વાઘેલાએ બેઠક વાઈઝ રણનીતિ કરી અને અનેક બેઠકો પર જાતે જ કાર્યકર્તાઓ અને નારાજ નેતાઓને મનાવી પાર્ટીને જીતાડવા આહ્વાન કર્યું હતું. પ્રદીપસિંહે ખુદ અનેક બેઠકો ઉપર કાર્યકર્તાઓને મળી જમીની સ્તરે એક પાયાના કાર્યકર્તા તરીકે કામ કર્યા હતું.

# જમ્મુ કાશ્મીરમાં આતંકીઓની નાપાક હરકત; સેનાના 3 જવાનો શહીદ, સર્ચ ઓપરેશન ચાલું

શ્રીનગર,તા.૫

જમ્મુ કાશ્મીરના કુલગામ જિલ્લામાં શુક્રવારે આતંકવાદીઓ સાથેની અથડામણમાં સેનાના ૩ જવાનો શહીદ થઈ ગયા છે. કુલ પોલસી અધિકારીએ જણાવ્યું કે, સુરક્ષા દળોએ દક્ષિણ કાશ્મીરમાં કુલગામ જિલ્લાના હલાન જંગલ વિસ્તારના ઊંચા વિસ્તારોમાં આતંકવાદીઓ હોવાની સૂચના આપી હતી. જે બાદ ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન શરુ કર્યું હતું. તેમણે કહ્યું કે, આતંકવાદીઓએ સુરક્ષા દળો પર કરેલા ગોળીબાર બાદ સર્ચ ઓપરેશન અથડામણમાં બદલાઈ ગયું હતું, જેમાં જવાબી કાર્યવાહી કરાઈ હતી. અધિકારીએ જણાવ્યું કે, ગોળીબારીમાં સુરક્ષા દળના ત્રણ જવાનો ઘાયલ થઈ ગયા



અને ઈલાજ દરમ્યાન તેમના મોત થઈ ગયા.શ્રીનગરમાં આવેલ સેનાની ચિનાર કોરે એક ટ્વિટમાં કહ્યું કે, ઓપરેશન હલાન કુલગામ. કુલગામમાં હલાનના ઊંચા વિસ્તારમાં આતંકવાદીઓની હાજરી વિશે ગુપ્તચર જાણકારી મળવા પર સુરક્ષા દળોએ ૪ ઓગસ્ટે ઓપરેશન શરુ કર્યું હતું. આતંકવાદીઓની સાથે ગોળીબારીમાં ત્રણ જવાન ઘાયલ થઈ ગયા અને બાદમાં શહીદ થઈ ગયા હતા. સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. સેનાના અધિકારીએ કહ્યું કે અથડામણવાળા વિસ્તારમાં વધારે ફોર્સ મોકલાઈ છે અને સર્ચ ઓપરેશન ઝડપી બનાવી દીધું છે.આ અગાઉ કાશ્મીરમાં આતંકવાદી સંગઠન લશ્કરે તૈયબાની શાખા દ રેઝિસ્ટેંસ ફ્રંટ સાથે જોડાયેલ આતંકવાદીઓના ત્રણ સહયોગીઓની શુક્રવારે ધરપકડ કરાઈ હતી. પોલીસના જણાવ્યા અનુસાર, ધરપકડ કરવામાં આવેલા લોકોની ઓળખાણ બારામૂલાના ઈમરાન અહમદ નઝર, શ્રીનગરના વસીમ અહમદ મટ્ટા અને બિઝબેહરાના વકીલ અહમદ ભટ તરીકે થઈ છે. પોલીસના એક પ્રવક્તાએ જણાવ્યું કે, આ ત્રણેયને પોલીસ ટીમ વિશિષ્ટ ગુપ્ત જાણકારી બાદ એક ચોકીમાંથી પકડી પાડ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, આતંકીઓ પાસે ત્રણ ગોળા, પિસ્તોલના ૧૦ રાઉન્ડ, એકે-૪૭ રાઈફલના ૨૫ રાઉંડ અને અન્ય વાંધાજનક સામગ્રી જપ્ત થઈ છે.

## તંત્રી લેખ......

# કલમ ૩૭૦ રદ થવાનાં ચાર વર્ષ

ચાર વર્ષ પહેલાં જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સંસદમાં એક વિધેયક રજૂ કર્યું, જે ભારતીય બંધારણની કલમ ૩૭૦ને નિષ્પ્રભાવી બનાવી દે અને પૂર્વવર્તી જમ્મુ-કાશ્મીર રાજ્યને રાજકીય રૂપે પુનર્ગઠિત કરે, તે અવિશ્વસનીય અને આશ્ચર્યની ક્ષણ હતી. બંધારણની એક અસ્થાયી કલમ ૭૦ વર્ષ સુધી ચલાવવામાં આવી અને તેને એકમાત્ર 'પુલ' હોવાનો આભાસ ખડો કરાયો જે બાકી ભારતને જમ્મુ-કાશ્મીર સાથે જોડતી હતી. આ એક મહાકાવ્યમાં એક વિશેષ અધ્યાયનું હક્કદાર છે, જે એક દિવસે નેહરુવાદી ધર્મનિરપેક્ષતાની કપટપૂર્ણ કહાની લખતાં લખવામાં આવશે. ચાર વર્ષ બાદ આજે એ દિવસોને ફરી યાદ કરી લેવા સાર્થક છે, જેને કારણે આ મહત્ત્વપૂર્ણ નિર્ણય થયો. કેવી રીતે કાનૂની અને રાજકીય સફાઈથી બિલ રજૂ થયું અને પસાર થયું અને ત્યારબાદ શાંતિ પણ જાળવી રખાઈ. મોદી સરકારના બીજા કાર્યકાળની આ સૌથી ઉજ્જ્વળ ક્ષણ હોવાની સાથે જ, આ ક્ષણ ઈતિહાસમાં યથાસ્થિતિને પડકારવા અને સંઘર્ષભર્યા ક્ષેત્રમાં 'રિસેટ' બટન દબાવવા રૂપે નોંધાશે.

૭૦ વર્ષ સુધી કલમ ૩૭૦ને બિનજરૂરી રીતે કાશ્મીરી મુસલમાનો સાથે એક ભાવનાત્મક મુદ્દો બનાવી દેવાયો હતો. તેમને કહેવાયું હતું કે 'હિંદુ' ભારત વિરુદ્ધ આ તેમનું એકમાત્ર હથિયાર હતું. ટૂંકમાં, કાયદાના આ વિવાદાસ્પદ ટૂકડાએ રાજ્યને ગરીબ બનાવી રાખ્યું, વિકાસ એક દૂરનું સપનું બની ગયો અને ભારતની મુખ્યધારા સાથે એકીકરણ અને આત્મસાત થવું અસંભવ થઈ ગયું. ૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ મોદી સરકારે એ કરી બતાવ્યું જેની કલ્પના પણ નહોતી કરી શકાતી. પીડીપી સાથે ભાજપનું ગઠબંધન તૂટ્યા બાદ, યથાસ્થિતિ બનાવી રાખવી અને ઘાટી સ્થિત બે રાજકીય પક્ષો સાથે સંગીત ખુરશી રમવી હવે તર્કસંગત ન હતું. હવે સમય આવી ગયો હતો કે આ ધુમ્મસ હટાવવામાં આવે અને નવી દિલ્હી માટે જમ્મુ-કાશ્મીર પર એક સૂરે વાત કરવાનો સમય પાકી ગયો હતો. જો કાશ્મીર ભારતનું અભિન્ન અંગ હતું તો તેને 'વિશેષ દરજ્જા'ની જરૂર કેમ પડી? જો ભારતે દ્વિરાષ્ટ્ર સિદ્ધાંત ફગાવી દીધો હતો, તો તેને કાશ્મીરમાં કેમ લાગુ કરાઈ રહ્યો હતો, કારણ કે કલમ ૩૭૦ની ઉપસ્થિતિનો મતલબ હતો કે ભારતને પોતાના બંધારણમાં વિશ્વાસ ન હતો

## પત્રાવળી-૫




સ્નેહી બહેનો,

નીનાબહેન અને દેવિકાબહેને 'આથમણી કોરનો ઉજાસ' પ્રગટાવીને પુસ્તકરૂપે ફેલાવ્યો ત્યારે જ મારા ધ્યાનમાં આવેલું કે આ બે બહેનપણીઓ વચ્ચે જ પત્રવ્યવહાર થયાં કરે તે જ રીતે થોડા વધુ જણાં એમાં ભેળાં થાય તો આ સાહિત્યસ્વરૂપ – પત્રવૃક્ષ –ને વધુ પત્રો કહેતાં પાંદડાં ફૂટે !! એટલે મેં તો મારા સ્વભાવ મુજબ સૂચન કરીને મૂકી દીધું કે તમે સૌ મળીને આનો ફેલાવો કરો.

પાંદડાંને પવન મળે તો જે ધ્વનિવૈવિધ્ય પ્રગટે છે તે માણ્યું છે કદી? ઉનાળાની મોડી રાતે લીમડો એનો રેશમિયો ધ્વનિ ફેલાવતો હોય ત્યારે આસપાસમાં સૂવાનો મજો પડી જાય છે. એવી જ રીતે ખખડધજ પીપળો રાતે પવનમાં પાંદડાંને મુખરિત કરે છે ત્યારે કોઈ બાળક ખડખડ હસતું હોય તેવું સંભળાય છે! ને દિવસે તો એની લાંપ.બી ડાંડલીથી જોડાઈને લટકતાં પાંદડાં એકબીજાં સાથે અથડાતાં અથડાતાં એક ચિત્ર ઊભું કરે છે જેમાં મારા જેવાને તો ગીતાના ગાયકે પ્રશંસેલો એ વૃક્ષરાજ હાથતાળી આપતો દીસે !!

પતરાળી નામથી ઓળખાતી આપણી દેશી થાળીમાં જમવાનું પણ માહાત્મ્ય છે. દક્ષિણનાં રાજ્યોમાં આજે પણ પાંદડાંની થાળીને બહુ મહત્ત્વ મળેલું છે. કેળનાં લાંબાં, લીલાંછમ્મ ને આંખને શાતા આપનારા રંગનાં પાનમાં જમ્યાનો આનંદ માણવા રેખો છે. પણ પતરાળી તરીકે ઓળખાતી આપણી થાળી એટલે કેસૂડા/ખાખરાના ઝાડનાં ગોળાકાર પાંદડાંની સળીઓથી ગુંથાયેલી થાળી ! પત્ર+આવળી. આવળી એટલે હાર, પંક્તિ, પરંપરા. એટલે કે, પાંદડાંને એક પરંપરિત રૂપ આપીને યોજાયેલી આકૃતિ.

હવે, તમારા આ પત્રોને મેં આપેલા નામ બાબત કહું તો 'પતરાળી'માં જેમ ઘણાં પાન ગોઠવાયાં–ગૂંથાયાં હોય છે તેમ આ નવી પત્રશ્રેણીમાં પણ એકથી વધુ લેખકો અને એકથી વધુ, અનેક વિષયોનો સમાવેશ થવાનો છેપ..ને વળી થાળીમાં પીરસાતાં ભોજન–વ્યંજનોનું રસરૂપ–વૈવિધ્ય પણ સૌનું ધ્યાન ખેંચવાનું છે તે મજાની બાબત બની રહેશે જોજો !

પત્ર એટલે જેમ પાંદડું તેમ જ તમે લોકોએ કહ્યું તેમ, લખાનારો ને ગંતવ્યે વંચાનારો પત્ર પણ. પત્રને આમ તો બે સ્થાનો હોય છે. એક તેના લખનારવાળું ને બીજું એના વાંચનારવાળું. જોકે આ તો કોઈ પણ કલાને લાગુ પડે છે. સર્જક અને ભાવક આ બન્ને પાસાં કલાને માટે અનિવાર્ય છે પણ પત્રમાં ટપાલી એ પણ એક જરૂરી પરિમાણ હોય છે ! ટપાલીનું એક જમાનામાં જે સ્થાન હતું તે તો સ્વજન જેવું હતું ! ટપાલી સૌનો વહાલો હતો.

પત્ર એક એવો અરીસો છે જેમાં વાંચનારને લખનારનો ચહેરો દેખાય છેપ.કહું કે, વંચાય છે !!

આજના જમાનામાં તો હવે આ ઇલેક્ટ્રોનિક્સ માધ્યમોએ અનેક સ્વજનોને ઘેર બેસાડી દીધાં છે ત્યારે ટપાલીની ગેરહાજરીમાં પણ તમે બહેનોએ આ પત્રશ્રેણીને મહત્ત્વ આપીને એને સૌની વચ્ચે છુટ્ટી મૂકી દેવાનું ધાર્યું છે ત્યારે તમને સૌને અભિનંદનો આપવાં જ રહ્યાં.

આજે તો આટલું જ.
લિ. જુભાઈ.
જુગલકીશોર વ્યાસ

### અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે "નારી વંદન ઉત્સવ-૨૦૨૩" ના ભાગ રૂપે

# "મહિલા કર્મયોગી દિવસ" ની ઉજવણી અરવલ્લી માહીતી વિભાગના અધ્યક્ષસ્થાને કરવામાં આવી



રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નારી વંદન ઉત્સવ ૧લી થી ૭મી ઓગસ્ટ સુધી ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યાં સપ્તાહ દરમિયાન વિવિધ થીમ આધારિત પ્રવૃત્તિઓ થશે. તેને ધ્યાનમાં રાખીને અરવલ્લી જિલ્લામાં પાંચમા દિવસે ×મહિલા કર્મયોગી દિવસ× તરીકે ઉજવ્યો હતો.આ કાર્યક્રમમાં જાણીતા સ્ત્રીરોગ નિષ્ણાંત ડૉ. જલ્પાબેન શાહ દ્વારા સંબોધન કરતા જણાવ્યું કે, સમાજમાં હવે સ્ત્રીઓમાં જાગૃતતા આવી છે, દીકરા અને દીકરીને સમાન ગણવા માટે આપણે ક્યાંક સફળ થયા છીએ. મારી પાસે ગ્રામ્ય કક્ષાએથી આવતી બહેનોમાં પણ એક બદલાવ જોવા મળ્યો છે. ઘણા એવા પરિવારો છે કે જે હવે દીકરો હોવા છતાં પણ દીકરીઓની ઈચ્છા રાખતો થયો છે. આ બદલાવને આપણે સ્વીકારવો જોઈએ અને સૌ સાથે મળીને આ મુહિમને આપણે સફળ બનાવી શકીશું.કોલેજના પ્રોફેસર ડો. ઈલા બહેને સગરે જણાવવું કે, આજના સમયમાં ભણતર કેટલું મહત્વ ધરાવે છે. તેના દાખલા તમને રોજ મળતા હોય છે. સ્ત્રી હોવાથી આ બધા પડકારોનો સામનો તો કરવો પડતો હોય છે.આ કાર્યક્રમમાં આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજના પ્રોફેસર ડો. ઈલાબેન સગર, જાણીતા સ્ત્રી રોગ નિષ્ણાત ડોક્ટર જલ્પાબેન શાહ, સોશિયલ વર્કર રેવાબેન કોટવાળ, જીજ્ઞાશાબેન પટેલ અને પરી પટેલ જોડાયા હતા.તેમજ આર્ટસ અને કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ, કોલેજના પ્રોફેસર્સ સાથે મોટી સંખ્યામાં જોડાયા હતા.

# ઈડર કોલેજમા વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ દૂર કરવા વિદ્યાર્થી પરિષદ દ્વારા આવેદન પત્ર આપવામાં આવ્યુ

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ વિદ્યાર્થીઓ દ્વારા ને વિદ્યાર્થીઓ વડે ચાલતું વિશ્વનું સૌથી મોટું છાત્ર સંગઠન છે. જે વિદ્યાર્થીમા વ્યક્તિત્વ વિકાસ થાય તેમજ વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે સતત પ્રયત્નશીલ હોય છે.

આજે ઈડર કોલેજમાં વિદ્યાર્થીઓને પડતી વિવિધ સમસ્યાઓનું જલ્દીથી નિરાકરણ થાય તે માટે કોલેજ પ્રશાસનને આવેદનપત્ર આપવામાં આવ્યું.

કોલેજના વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ માટે નીચે મુજબની રજૂઆત કરવામાં આવી.

- કોલેજમાં જે બુક બેંક ચાલે છે તેમાંથી વિદ્યાર્થીઓની પુસ્તક આપવામાં આવતા નથી. જેથી વિદ્યાર્થીઓને જાણકારી પુસ્તક આપવામાં આવે.
- કેન્ટીનની બાજુમાં જે વૃક્ષો આવેલા છે તે વધારે પાણીનો ઉપયોગ કરે છે એટલે જમીનમાં પાણીનું સ્તર ઘટાડે છે તથા વધારે પ્રમાણમાં કાર્બન ડાયોક્સાઇડ વાયુ છોડે છે તો તે કાઢીને તે સ્થાને લીમડા, પીપળા કે બોરસલ્લી જેવા વૃક્ષો વાવી શકાય

# સાબરકાંઠા જિલ્લાકક્ષાનો ૭૪મો વન મહોત્સવ તલોદના ઉજેડીયા ખાતે યોજાયો




સાબરકાંઠામાં જિલ્લા પંચાયત પ્રમુખ ધીરજભાઇ પટેલની અધ્યક્ષતામા જિલ્લાકક્ષાનો ૭૪મો વન મહોત્સવ તલોદના ઓમ શાન્તિ ભવન ઉજેડીયા ખાતે યોજાયો હતોઆ કાર્યક્રમમાં પ્રમુખ ધીરજભાઇ પટેલે જણાવ્યું હતુ કે વૃક્ષમાં વાસુદેવને જોનારા આપણા પૂર્વજો આદિકાળથી પ્રકૃતિના પૂજક રહ્યા છે સમગ્ર જીવસૃષ્ટિનો આધાર પ્રકૃતિ પર રહ્યો છે. વર્તમાન સમયમાં પર્યાવરણીય અસંતુલનને કારણે જીવસૃષ્ટિને અનેક સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે.કોરોનાએ આપણને સૌને જીવનમાં વૃક્ષનું મહત્વ સમજાવ્યું છે. આ પરિસ્થિતિને નિવારવા માટે વૃક્ષારોપણ ખુબ જ જરૂરી છે

કાર્યક્રમમા ઉપસ્થિત અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક સામાજિક વનીકરણ એ.પી સિંહે જણાવ્યુ હતુ કે ઈ.સ ૧૯૫૦માં કનૈયાલાલ મુનશી દ્વારા અગમબુદ્ધિ વાપરી વન મહોત્સવની શરૂઆત કરવામાં આવી હતી. પર્યાવરણ જાગૃતિ લાવવા તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ ધાર્મિક, સાંસ્કૃતિ અને ઐતિહાસિક સ્થળોને જોડીને વન મહોત્સવની ઉજવણીની શરૂઆત કરી છે. જિલ્લામાં ૧૧% વન આરક્ષણ છે. જેને વધારવા માટે સૌએ સહિયારા પ્રયત્ન કરવા પડશે. ગુજરાત ગ્લોબલ રિટ્રીટ સેન્ટરના ડાયરેક્ટર બી.કે. નેહાબેને જણાવ્યું હતું કે મનુષ્યની માનસિક સ્થિતિની અસર પ્રકૃતિ પર પડે છે. સમય જતા પ્રકૃતિ પ્રત્યેની લોકોની લોભ અને શોષણ વૃત્તિને કારણે આજે ગ્લોબલ વૉર્મિંગ જેવી સમસ્યાને કારણે કુદરતે પોતાના રોદ્ર સ્વરૂપ દેખાડવા લાગી છે. આથી આપણે સૌએ વૃક્ષ ઉછેરવા જોઈએ.વન મહોત્સવમાં પર્યાવરણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર વન પ્રેમીઓ, સખી મંડળની બહેનો,વિવિધ યોજનાકીય લાભાર્થીઓને તમેજ વનક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર વનકર્મીઓને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યું હતું. આ કાર્યક્રમમાં ×વૃક્ષરથ×ને મહાનુભાવોના હસ્તે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહિલા બાળ સમિતિના ચેરમેન, બાંધકામ સમિતિના ચેરમેન, એપીએમસી ચેરમેન, તાલુકા પંચાયત પ્રમુખ ઈડર,નાયબ વન સંરક્ષક હર્ષ ઠક્કર, નાયબ વન સંરક્ષક એસ. ડી. પટેલ,પ્રાંત અધિકારી,વિવિધ અગ્રણીઓ,તાલુકા વન વિભાગના ઉચ્ચ અધિકારી, કર્મચારી તેમજ પર્યાવરણ પ્રેમીઓ મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા

# વિજાપુર લાડોલ સીઆરસી દ્વારા અનોખી પહેલ સ્પર્ધાત્મક પરીક્ષા માં તેજસ્વી દેખાવ કરતા વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા

વિજાપુર તા

વિજાપુર તાલુકાના લાડોલ સી.આર.સીમાં રાજયમાં સૌ પ્રથમ એક અનોખી પહેલ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા.હતા હાલમાં રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓના ગુણવત્તાલક્ષી શિક્ષણ માટે વિવિધ પ્રકારે નોંધપાત્ર કામગીરી કરી રહી છે. તેને અનુલક્ષીને વિવિધ સ્પર્ધાત્મ પરીક્ષાઓના માધ્યમથી મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓને સારી શાળામાં પ્રવેશ, શિષ્યવૃત્તિ વગેરે જેવા લાભો રાજય સરકાર દ્વારા મળે છે ત્યારે ૨૦૨૨/૨૦૨૩ ના શૈક્ષણિક વર્ષમાં વિજાપુર તાલુકાના લાડોલ સી.આર.સી.ની ૧૩ જેટલી સરકારી પ્રાથમિક શાળાના ૩૦ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાત્મ પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી મેરીટમાં સ્થાન મેળવી જવલંત સિદ્ધિ મેળવેલ છે. ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ઝઈ), એન.એમ.એમ.એસ. વગેરે જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓએ મેળવેલ યશસ્વી સફળતાને બિરદાવવા તાજેતરમાં વિજાપુરના લાડોલ સી.આર.સી.માં એક અનોખો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં મેરીટમાં આવી સફળ થયેલ ધોરણ-૫ થી ૮ સુધીના ૩૦ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને લાડોલ ગામના વતની મંગુબેન બી.પટેલના આર્થિક સહયોગથી સી.આર.સી.કક્ષાએ સન્માનપત્ર તેમજ વોટરબેગ, કંપાસબોક્ષ વગેરે સહિતની શૈક્ષણિક સામગ્રી આપી સન્માનિત કરવામાં આવ્યા. આમ વિવિધ સ્પર્ધાત્મ પરીક્ષાઓમાં સફળ થયેલ વિદ્યાર્થીઓનુ ક્લસ્ટર કક્ષાએ સન્માન થતું હોય તેવી ગુજરાત



રાજયમાં આ સૌ પ્રથમ પહેલ છે. જેનાથી વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન મળશે તેમજ ગ્રામ્ય કક્ષાના વિદ્યાર્થીઓની સ્પર્ધાત્મ પરીક્ષાઓ આપવા અંગેની જાગૃતતા ખૂબ વધશે. વિજાપુર બી.આર.સી.કો.ઓર્ડિનેટર ભરતભાઈ પટેલ, લાડોલ કન્યા વિદ્યાલયના આચાર્ય રેખાબેન પટેલ, પગાર કેન્દ્ર શાળાના આચાર્ય કમલેશભાઈ તેમજ લાડોલ ક્લસ્ટરના આચાર્યો, શિક્ષકોએ હાજર રહી વિદ્યાર્થીઓને સન્માનિત કરી પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ આવનાર સમયમાં વધુ વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લઈ સફળતા મેળવે તે માટે પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન લાડોલ સી.આર.સી.કો.ઓર્ડિનેટર સંજયભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન અને સંકલન લાડોલ પ્રા.કુમાર શાળાના આચાર્ય વિષ્ણુભાઈ પટેલ તેમજ અનિલભાઈ, પ્રકાશભાઈ, દિનેશભાઈ, હાર્દિકભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

# અરવલ્લીઃ ટીંટોઇ પોલીસે ફિલ્મીઢબે પીછો કરી સ્વીફ્ટ કારમાંથી ૯૨ હજારો વિદેશી દારૂ ઝડપ્યો,બુટલેગર ફરાર

અરવલ્લી જિલ્લા પોલીસવડા શૈફાલી બરવાલે ચાર્જ સંભાળતા જ જિલ્લા પોલીસ પોલીસતંત્રને બુટલેગરો સામે શખ્ત કાર્યવાહી કરવાનો આદેશ કરી ત્રણ દિવસની પ્રોહીબિશન ડ્રાઇવ યોજવામાં આવતા બુટલેગરોમાં ફફડાડ ફેલાયો છે.અરવલ્લી જિલ્લાની રાજસ્થાન રાજયને અડીને આવેલી આંતરરાજ્ય સરહદ નજીકના ગ્રામ્ય વિસ્તારોમાં અનેક યુવાનો વિદેશી દારૂની હેરાફેરી અને કટિંગ કરી નાના-મોટા વિસ્તારના બુટલેગરોને દારૂનો જથ્થો વાહનો મારફતે પૂરો પાડી રહ્યા છે.ટીંટોઇ પોલીસે જાલીયા ગામ નજીક ફિલ્મીઢબે પીછો કરી દારૂ ભરેલી કારની ખેપ નિષ્ફળ બનાવી ૯૨ હજારથી વધુનો વિદેશી દારૂ જપ્ત કરી ફરાર કાર ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.ટીંટોઇ પીએસઆઇ કોમલ રાઠોડ અને તેમની ટીમે ટીંટોઇ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃતિઓ અટકાવવા કમર કસી છે.ટીંટોઇ પોલીસ અંતરિયાળ વિસ્તારોમાં પેટ્રોલીગ હાથધરતાં ટીંટોઇ પોલીસે સ્વીફ્ટ કારમાં વિદેશી દારૂ ભરી ટીંટોઇ પોલીસ સ્ટેશનની હદમાંથી પસાર થવાની બાતમી મળતા પોલીસે નાકાબંધી કરતા બાતમી આધારિત સ્વીફ્ટ કાર ચાલકે રિવર્સ કરી પરત હંકારી મુકતા પોલીસે પીછો કરતા કાર ચાલક એકદમ બ્રેક મારી ઝાડ સાથે અથડાવી ખેતરમાં થઈ ફરાર થઇ જતા પોલીસે સ્વીફ્ટ કારમાંથી વિદેશી દારૂની પેટીઓ નંગ-૧૩ કુલ બોટલ તથા ક્વાર્ટર નંગ-૫૮૮ કિંમત રૂ.૯૨,૪૦૦/- ના જથ્થા સાથે સ્વીફ્ટ ગાડી નંબર જી.જે.૦૭ ડી.સી.૯૦૦૫ ની કિંમત રૂ.૩ લાખ /- મળી કુલ મુદ્દામાલ કિંમત રૂ.૩,૯૨,૪૦૦/- જપ્ત કરી કારમાં વિદેશી દારૂની હેરાફેરી કરનાર કાર ચાલક સામે પ્રોહિબિશન એકટ હેઠળ ગુન્હો નોંધી ફરાર બુટલેગરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યુ